શરીઅતનો હુકમ દરેક આકિલ, બાલિગ મુસલમાનને લાગુ પડે છે, તેમાં કોઈ અપવાદ નથી.

# તસ્વીર (ફોટા) વિશે હુકમ

★ લેખક ★


આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ફાઝિલે બરેલ્વી

**ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ


★ અનુવાદક ★

**પટેલ શબ્બીર અલી રઝવી**

★ પ્રકાશક ★


**અંજુમને રઝાએ મુસ્તફા**

C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા**,

તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦

ફોન : (૦૨૬૪૨) ૮૨૦૧૧, ૮૨૭૯૨

પ્રકાશન નં. : ૯૧ | આવૃત્તિ : ૧

૨૫–સફર, | મે, ઈ.સ. ૨૦૦૨

હિ.સ. ૧૪૨૩ | પ્રત : ૩૦૦૦

**નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૮૨૭૯૨, ૮૨૦૧૧**


## સહાય કરો તથા મેમ્બર બનો

વર્તમાનકાળમાં બદઅકીદગી તથા બદઅમલીઓની આંધીઓના વંટોળે મુસલમાનોને ઘેરાવ કરેલો છે તેવા સમયે વિશ્વભરના ગુજરાતી સહીહુલ અકીદા મુસ્લિમોને ઈમાનમાં તાઝગી પ્રેરે અને અમલમાં નૂરાનિયત બખ્શે તેવું અજોડ સાહિત્ય પ્રેરતી આપણી આ સંસ્થાને દિલ ખોલીને સહાય કરવાની નમ્ર અપીલ છે.

આપ **લિલ્લાહ, ઝકાત, ખૈરાત, સદકા, ફિત્રા, કુર્બાનીની ખાલોની રકમ...** વગેરે મોકલી જરૂરથી સહાય કરી કલમી જેહાદમાં જોડાઈ જાવ.

અથવા કમસે કમ **૧૫૦ રૂા.** મોકલી મેમ્બર બની વરસભર છપાતી નાની તથા મોટી કિતાબો ઘર બેઠાં મેળવો.

કોઈ કિતાબ મર્હૂમોના સવાબ અર્થે છપાવવા ઈચ્છતાં ભાઈ બહેનો પણ અમારો સંપર્ક કરે તેવી અપીલ છે.

**–લિ. પ્રકાશક**

## મદ્રસાના બાળકો માટે કિતાબો

| | | | |
|---|---|---|---|
| નૂરાની તાલીમ (કાયદા) | ૧.૫૦ | તામીરે અદબ (હિસ્સા–૨) | ૩.૦૦ |
| નૂરાની તાલીમ (હિસ્સા–૧) | ૩.૦૦ | તામીરે અદબ (હિસ્સા–૩) | ૬.૦૦ |
| નૂરાની તાલીમ (હિસ્સા–૨) | ૩.૦૦ | તામીરે અદબ (હિસ્સા–૪) | ૮.૦૦ |
| નૂરાની તાલીમ (હિસ્સા–૩) | ૫.૦૦ | તામીરે અદબ (હિસ્સા–૫) | ૧૦.૦૦ |
| નૂરાની તાલીમ (હિસ્સા–૪) | ૬.૦૦ | અન્વારે શરીઅત (ઉર્દૂ) | ૧૫.૦૦ |
| નૂરાની તાલીમ (હિસ્સા–૫) | ૮.૦૦ | કાનૂને શરીઅત (ઉર્દૂ) | ૯૦.૦૦ |
| તામીરે અદબ (કાયદા) | ૧.૫૦ | ફયૂઝાને નિય્યત (ઝરૂરે મુસ્લિમીન) | ૮.૦૦ |
| તામીરે અદબ (હિસ્સા–૧) | ૩.૦૦ | અરબી ખુત્બા (ઈમામ માટે) | ૨૦.૦૦ |

(વધુ કોપીઓ મંગાવનારને યોગ્ય વળતર મળશે)

(પ્રકાશકના સરનામે સંપર્ક કરો.)

# સહાય કરો તથા મેમ્બર બનો

મદ્રસાના બાળકો માટે કિતાબો

# તસ્વીર

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ફાઝિલે બરેલ્વી
**ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

**પટેલ શબ્બીર અલી રઝવી**

**અંજુમને રઝાએ મુસ્તફા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા,**
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૮૨૦૧૧, ૮૨૭૯૨

# ★ અમારા તદ્દન નવા પ્રકાશનો ★

## ૧. કુર્આન એક ઝિંદા મો'જિઝો

(૪૮૮ પેજીસ) **(કિંમત : ૫૦ રૂા.)**

**લેખક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યુનુસ મિસ્બાહી**

જેમાં ચારેય આસ્માની કિતાબોની વિગતે ચર્ચા કરવામાં આવી છે. આગલી કિતાબોમાં હેરફેર કરવામાં આવી છે તેની સાબિતી તથા કુર્આનની હક્કાનિયતને સાબિત કરવામાં આવી છે. ઉપરાંત કુર્આનની ફઝીલત તેની સૂરતોની ફઝીલત પર ઈમાન અફરોઝ ચર્ચા દર્શાવી છે.

## ૨. ઈસ્લામ અને વિશ્વશાંતિ

(૩૫૨ પેજીસ) **(કિંમત : ૫૦ રૂા.)**

**લેખક : હઝરત અલ્લામા બદરુલ કાદરી મિસ્બાહી (હાલ હોલેન્ડ)**
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

વિશ્વની ઈસ્લામ વિરોધી તાકતો ઈસ્લામના ખરા ચહેરાને બેડોળ કરીને ઈસ્લામના ન્યાયિક કાનૂનોને વિકૃત કરીને દુનિયા સમક્ષ ગલત પ્રચાર કરીને ઈસ્લામને નીચો પાડવા પ્રયત્નો કરે છે તેવા દૌરમાં ઈસ્લામની હક્કાનિયત તથા ઉચ્ચતાને રજુ કરતી કિતાબ આજે જ મંગાવો !

## ૩. રહનુમાએ હક્ક (૩૩૬ પેજીસ)

**લેખક : હઝરત અલ્લામા મૌલાના અબુલ કલામ રઝવી**
**અનુવાદક : જનાબ ઈસ્માઈલ હાફેઝ નબીપુરી**
**(કિંમત : ૫૦ રૂા.)**

---

તમામ બાતિલ ફિર્કાઓની પેહચાન કરાવતી કિતાબ જરૂરથી મંગાવો.

---

(વધુ કોપીઓ મંગાવનારને યોગ્ય વળતર મળશે)

(પ્રકાશકના સરનામે સંપર્ક કરો.)

# અકીદાની હિફાઝત માટે

**કુર્આન, હદીષ, બુઝુર્ગોના કથનોથી દલીલયુકત કિતાબ**
વિશ્વવિખ્યાત કિતાબ

## ★ જાઅલ્ હક્ક ★

(ભાગ–૧, ભાગ–૨, ભાગ–૩)

**લેખક : મુફ્તી અહમદ યારખાં** رضی اللہ عنہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

**ભાગ–૧ : તકલીદ** તથા **ઈલ્મે ગૈબ** વિશે, **ભાગ–૨ : હાઝિરો નાઝિર, નબીને બશર કે ભાઈ કહેવું કેવું ? યા રસૂલલ્લાહ ! પોકારવું કેવું ? ગૈરુલ્લાહથી મદદ માંગવા વિશે** તથા બિદઅત શું છે તેના વિશે.
**ભાગ–૩ :** કહેવાતા અહલે હદીષની રદમાં લાજવાબ ચર્ચા જેમાં છે.
હદિયો અનુક્રમે ૧૫/– રૂા., ૧૫ રૂા., ૨૦ રૂા. (કુલ ત્રણેય ભાગના ૫૦ રૂા.)

---

વહાબી, દેવબંદીઓની બેવડી પોલીસી જાહેર કરતી તથા તેમની **તૌહીદ** તથા **શિર્ક** વિશેની છેતરામણી કુનીતિની પોલ ઉઘાડી તેમનો અસલ ગુમરાહ ચહેરો જાહેર કરતી કિતાબ....

## ★ ઝલ્ઝલા ★

**લેખક : અલ્લામા અર્શદુલ કાદરી**
**અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરી**

જેઓ સત્યના શોધક છે તથા ઈન્સાફપ્રિય છે તેઓ આ કિતાબ અવશ્ય મંગાવે બલ્કે દરેક કલ્માગોએ અભ્યાસ કરવા જેવી કિતાબ આજે મંગાવો.

**હદિયો : ૩૫/–**

**ઉપરાંત ઈમાનની મજબૂતી તથા અમલની સુધારણા માટે અમૂલ્ય કિતાબો માટે અમારો સંપર્ક કરો.**

**લિ. પ્રકાશક**

## ★ અનુવાદકના બે બોલ ★

# ☆ ખરા ખોટાની પરખ પેદા કરો ☆

આ'લાહઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, શયખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન, મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہના અહલે સુન્નત પર ઘણા એહસાનો છે, આપે બિદઅતોનો ખાત્મો બોલાવી સુન્નતોને જીવંત કરી છે, ચાહે તે બિદઅતો બાતિલ ફિર્કાવાળા તરફથી હોય કે કહેવાતા સુન્નીઓ તરફથી હોય. આપે કોઈની શેહ શરમ રાખ્યા વિના શરીઅતના હુકમોને ડંકાની ચોટ પર જાહેર કર્યા છે.

વાજિંત્રો (મ્યૂઝિક, સંગીત જે શરીઅતમાં સદંતર **હરામ** છે તેની)ની મેહફિલો શરીઅતમાં **હરામ** છે, તો તે ગમે તે નામે, ગમે ત્યાં અને તેને ગમે તે લોકો રચે તથા વાજિંત્રો સાથે કાંઈ પણ ગાય, તે શરીઅતમાં **હરામ** છે તેનો સ્પષ્ટ હુકમ આપે દર્શાવી આપ્યો છે. એ જ રીતે **જાનદારની તસ્વીર–છબી–ફોટો ગમે તે રીતે બનાવવામાં કે પાડવામાં આવે તે શરીઅતમાં હરામ છે** છતાં કેટલાક શરીઅતના વર્તુળથી ભાગી રહેલા **બની બેઠેલા સૂફીઓ** અને **કહેવાતા શયખો** બેધડક ફોટા પડાવે છે, તેમના ફોટા અખબારોમાં પણ પ્રસિધ્ધ કરાય છે ! પીરના ફોટાઓને મુરીદો તાઝીમની સાથે ઘરોમાં ટીંગાડે છે, તેને બરકતનો સબબ સમજે છે !

સ્પષ્ટ છે કે **જે શરીઅતની વિરૂધ્ધ વર્તે તે પીર, સૂફી કે શયખ કેમ કરીને રહેશે ?!** છતાં લોકોની અંધશ્રધ્ધાનો તથા આંધળી અકીદતનો લાભ ઉઠાવી પોતાના બુઝુર્ગ બાપદાદાઓનાં નામે આજે ચરી ખાનાર કેટલીય વ્યકિતઓ પોતે શરીઅત વિરૂધ્ધ વર્તતી હોવા છતાં **મહાન હસ્તીઓ** બનીને **મોટા મોટા લકબો** લગાડીને ભોળી કૌમને આકર્ષવા મથી રહી છે અને લોકો આંધળી અકીદતમાં ખેંચાતા જાય છે.

અફસોસ તો એ વાતનો છે કે કેટલાક થોડુક જ્ઞાન ધરાવનારા પણ અંગત સ્વાર્થ ખાતર અથવા હઠધર્મીમાં રાચેલા રહીને સત્ય વાતથી આંખ આડા કાન કરે છે !!

એવા સમયે આ કિતાબ થકી અલ્લાહના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلمના ફર્માનોને આપના સમક્ષ રજુ કરીએ છીએ. દરેક પ્રકારના માનસિક દબાવને, આંધળી અકીદતને બાજુએ રાખી ઈન્સાફથી આ ફર્માને રસૂલને વાંચી હક્કને સમજવાની કોશિશ કરશો તથા જેને બચાવવા ઈમામે હુસૈન رضی اللہ عنہએ, અહલે બયતના પૂરા ખાનદાને શહીદ થવું પસંદ કર્યું પણ તેની રક્ષા કરી તે પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની પ્યારી શરીઅતના હુકમોને માથે ચડાવશો એવી અપીલ છે. હે લોકો ! સમજો અને ખરા ખોટાનો ફરક કરવાની ક્ષમતા પેદા કરો ! અને કોઈની પણ પરખ માટે શરીઅતનું ત્રાજવું હાથમાં રાખશો. બસ, મૌલા તઆલા નેક હિદાયત આપે. આમીન...

**–લિ. પટેલ શબ્બીર અલી રઝવી**



بسم اللہ الرحمن الرحیم

**નહમદુહૂ વનુસલ્લી અલા રસૂલિહિલ કરીમ**

(અઝ : રિયાસત રયવાન, પૂછનાર : મોલવી અબ્દુર્રહીમખાં, ૨૬–ઝીલ્હજ્જ, હિ.સ. ૧૩૧૫)

શું ફર્માવે છે ઉલમાએ દીન આ મસ્અલાઓમાં કે :–

**(૧)** આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمની તસવીર (ફોટો) સવાબ પામવાના હેતુથી બનાવવી દુરુસ્ત તથા જાઈઝ છે કે નહીં ? અને તસવીર બનાવનારા તથા ખરીદનારા સવાબના હકદાર થશે કે નહીં ?

**(૨)** જો કોઈ આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمની તસ્વીર તથા બુર્રાકે નબવી તથા હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیمની તસવીર બનાવી કે બનાવડાવીને ઝિયારત (દીદાર) કરી સવાબ પામવાના હેતુથી પોતાની પાસે રાખે અને ખાસ કરીને મીલાદે નબવીમાં આ તસ્વીરોને પ્રદર્શન રૂપે ગોઠવે તથા મેઅરાજ શરીફના ઝિક્ર વેળા પણ હાજરજનો સમક્ષ રજુ કરી જાણે હુઝૂર મેઅરાજમાં જઈ રહ્યા હોય એવો દેખાવ ઉભો કરે અને લોકોને સ્પર્શવા તથા બોસો લેવા માટે પ્રોત્સાહિત કરે તો તેનું આ કાર્ય શરીઅતની રૂએ જાઈઝ થઈ શકે છે ? આ બીજા પ્રશ્ન કરેલ કામો શરીઅત મુતાબિક ગણાશે કે નહીં ?

**(૩)** આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلمના **રોઝા મુબારકનો નકશો** ઝિયારત કરી સવાબ પામવાના હેતુથી બનાવીને પોતાની પાસે રાખવો અને એવું ગુમાન કરવું કે જેવી રીતે અસલની તાઝીમો તકરીમ (અદબ)થી આપણને સવાબ હાંસલ થાય છે એ જ પ્રમાણે નકલ તથા છબીથી પણ સવાબ મળશે, આમ કરવું કેવું છે ? અને 'દલાઈલુલ્ ખયૂરાત'માં જે રોઝા મુબારકનો નકશો આપવામાં આવેલો છે તે વાસ્તવમાં આપવો જોઈએ કે નહીં ?

**(૪)** આ ફોટાઓ તથા તસવીરો શરીઅત વિરૂધ્ધ તથા નાજાઈઝ હોય તો એ તસવીરોનુ શું કરવું જોઈએ ? અને રોઝાએ

મુતહ્હરાનો નકશો દલાઈલુલ્ ખય્રાતમાંથી કાઢી નાખવો બેહતર ગણાશે કે એ જ પ્રમાણે રહેવા દેવો ?

**અલ્જવાબ** : અલ્લાહ عزوجل ઈબ્લીસ લઈનના ધોકાઓથી પનાહ આપે કે સખ્તથી સખ્ત ધોકો એ છે કે માણસને પોતે સારું કામ કરે છે એવા ભરમમાં રાખી બુરાઈ કરાવે છે અને મધના બહાને ઝહેર પીવડાવે છે. વલ્અયાઝુબિલ્લાહિ રબ્બિલ આલમીન.

તે મિસ્કીન, ત્રણે (હુઝૂરની, બુર્રાક તથા જિબ્રઈલની) તસ્વીરોને બનાવનારા, તેની ઝિયારત તથા સ્પર્શ તથા બોસો કરાવનારાએ ગુમાન કર્યું કે તે હુઝૂર પુરનૂર સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતનો હક્ક અદા કરી રહેલ છે અને હુઝૂરને રાજી કરે છે, જ્યારે કે હકીકતમાં તે પોતાની એ ગલત પ્રવૃત્તિઓથી હુઝૂરે અકદસ સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉઘાડી નાફર્માની કરી રહેલ છે, એના પર પહેલા નારાજ થનાર હુઝૂરે વાલા છે. صلی اللہ تعالیٰ علیہ وسلم

હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ **જાનદારની તસવીર (ફોટો) બનાવવું, બનાવડાવવુ, તા'ઝીમની સાથે પોતાની પાસે રાખવું આ બધું સખ્ત હરામ ઠરાવ્યું અને એના માટે સખતથી સખત વઈદો (ધમકી) ઈર્શાદ ફર્માવી અને તેને દૂર કરવા તથા નષ્ટ કરવાનો હુકમ આપ્યો.** એના બારામાં હદીષો હદ્દે તવાતુર પર છે, અહીં કેટલીક રજુ કરીએ છીએ :–

**હદીષ–૧** : સહીહૈન તથા મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :

**"દરેક મુસવ્વિર (તસવીર–ફોટો બનાવનાર) જહન્નમમાં છે, અલ્લાહ તઆલા દરેક ફોટા (તસવીર)ના બદલામાં જે એણે બનાવી હતી...... એક મખ્લૂક પેદા કરશે કે તે જહન્નમમાં તેને અઝાબ આપશે.** (મુસ્લિમ ઈબ્ને હજ્જાજ અલ્કુશૈરી, ઈમામ, સહીહ મુસ્લિમ, ઈસ્લામાબાદ, ૨/૨૦૨ તથા અહમદ ઈબ્ને હંબલ, મુસ્નદ, બૈરૂત, ૧/૩૦૮)



**હદીષ–૨** : એમાં જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"બેશક ! અતિશય સખત અઝાબ કિયામતના દિવસે તસ્વીર બનાવનારાઓ (ફોટોગ્રાફરો) પર છે." (હવાલો ઉપર મુજબ, પેજ–૨/૨૦૨)

**હદીષ–૩** : એનામાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"અલ્લાહ عزوجل ફર્માવે છે : **એનાથી વધારે જાલિમ કોણ જે મારા બનાવેલાની જેમ બનાવવા જાય,** ભલા કોઈ કીડી કે ઘઉં અથવા જવનો દાણો તો બનાવી આપે ! (અગાઉ મુજબ, પેજ–૨/૨૦૨)

**હદીષ–૪** : સહીહૈન તથા સુનને નિસાઈમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"બેશક ! આ જેઓ તસ્વીરો બનાવે (ફોટા પાડે) છે તેમને કિયામતમાં અઝાબ થશે. તેમને કહેવામાં આવશે, જે તમે બનાવી હતી (તસ્વીરો, ફોટા) તેમાં જીવ પૂરો !" (મુસ્લિમ ઈબ્ને હજ્જાજ કુશૈરી, ઈમામ, સહીહ મુસ્લિમ, ઈસ્લામાબાદ, ૨/૨૦૧, મોહંમદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી, ઈમામ, સહીહ બુખારી, ઈસ્લામાબાદ–૮૮૦/૨)

**હદીષ–૫** : મુસ્નદે અહમદ તથા સહીહૈન તથા સુનને નિસાઈમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"જે કોઈ દુનિયામાં તસ્વીર બનાવે (ફોટા પાડે) તો તેને કિયામતના દિવસે તેમાં રૂહ ફૂંકવાનો પાબંદ (બંધાયેલો) કરવામાં આવશે કે એમાં રૂહ ફૂંકે અને તે ફૂંકી શકશે નહીં." (હવાલો ઉપર મુજબ, પેજ–૨૦૨/૨, ૨/૮૮૧)

**હદીષ–૬** : મુસ્નદે અહમદ, જામેઅ તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"કિયામતના દિવસે જહન્નમમાંથી એક ગરદન નીકળશે, જેને જોવાની બે આંખો હશે અને સાંભળવા માટેના બે કાન અને વાત કરતી

જીભ હશે, તે કહેશે, હું ત્રણ પ્રકારના લોકો માટે નિયુકત કરાએલી છું, દરેક જાલિમ હઠધર્મી પર જે અલ્લાહનો શરીક (ભાગીદાર) બતાવે અને **તસવીર બનાવવાવાળાઓ** (ફોટા પાડનારા) પર.'' (મોહંમદ ઈબ્ને ઈસા તિર્મિઝી, ઈમામ, જામેઅ તિર્મિઝી, નૂરમોહંમદ કરાચી, ૩૬૯) તિર્મિઝીએ કહ્યું, આ હદીષ સહીહ છે.

**હદીષ–૭** : ઈમામ અહમદ મુસ્નદમાં અને તિબ્રાની મોઅજમે કબીરમાં અને અબૂનુઈમ હિલયતુલ ઔલિયામાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما થી રિવાયત કરી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

''બેશક ! કિયામતના દિવસે સૌ દોઝખીઓમાં સખત અઝાબ તેના પર થશે જેણે કોઈ નબીને શહીદ કર્યા અથવા કોઈ નબીએ જેહાદમાં તેને કત્લ કર્યો, જાલિમ બાદશાહ તથા જે શખ્સ ઈલ્મ હાંસલ કર્યા વિના લોકોને બહેકાવવા લાગે અને **આ તસવીર બનાવનારાઓ પર.''** (અહમદ ઈબ્ને અબ્દુલ્લાહ અબૂનુઈમ, હિલયતુલ ઔલિયા, બૈરૂત, પેજ–૪/૧૨૨ તથા સુલૈમાન ઈબ્ને અહમદ તિબ્રાની, મજમઉલ કબીર, બૈરૂત, પેજ–૧૦/૨૬૦)

**હદીષ–૮** : બયૃહકી શોઅબુલ ઈમાનમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : બેશક ! કિયામતના દિવસે સૌથી અધિક સખત અઝાબમાં તે છે જે કોઈ નબીને શહીદ કરે અથવા કોઈ નબી તેને જેહાદમાં કત્લ કરે અથવા જે પોતાના મા બાપને કત્લ કરે અને **તસ્વીર બનાવનારા** (ફોટા પાડનારા) અને તે આલિમ જે ઈલ્મ પઢીને ગુમરાહ થાય. (અહમદ ઈબ્ને હુસૈન બયૃહકી, ઈમામ શોઅબુલ ઈમાન, બૈરૂત, ૬/૧૯૭)

**હદીષ–૯** : ઈમામ માલિક, ઈમામ અહમદ, ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ, નિસાઈ તથા ઈબ્ને માજહ્ હઝરત ઉમ્મુલ મો'મિનીન સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરે છે :–

''રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સફરેથી તશરીફ લાવ્યા હતા, મેં એક દરવાજા પર **ફોટાવાળો પડદો લટકાવ્યો**. જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પાછા તશરીફ લાવ્યા તો **તેને જોતાં ચહેરએ અન્વરનો**



**રંગ બદલાઈ ગયો** અને અંદર તશરીફ ન લાવ્યા. ઉમ્મુલ મો'મિનીન ફર્માવે છે : મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું અલ્લાહની તરફ અને અલ્લાહના રસૂલની તરફ તૌબા કરૂં છું., મારાથી શું ભૂલ થઈ ? હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ **પડદો ઉતારીને ફેંકી દીધો** અને ફર્માવ્યું, હે આઈશા ! **અલ્લાહ તઆલાને ત્યાં સખ્તતર અઝાબ કિયામતના દિવસે તે તસ્વીરકારો (ફોટોગ્રાફરો) પર છે જેઓ ખુદાના સર્જનની નકલ કરે છે,** તેમના પર કિયામતના દિવસે અઝાબ થશે, તેમને કહેવામાં આવશે કે આ જે તમે બનાવ્યું છે એમાં પ્રાણ પૂરો ! જે ઘરમાં આ તસ્વીરો (ફોટા) હશે એમાં રહમતના ફરિશ્તા નથી આવતા.'' (મુસ્લિમ ઈબ્ને હજ્જાજ કુશૈરી, ઈમામ, સહીહ મુસ્લિમ, ઈસ્લામાબાદ, ૨/૨૦૧ + મોહંમદ ઈબ્ને યઝીદ, ઈમામ, સુનને ઈબ્ને માજહ્, એચ. એમ. સઈદ કંપની, કરાચી, ૨૬૮ + મોહંમદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી, સહીહ બુખારી, કદીમી કુતુબખાના, કરાચી, ૨/૮૮૦–૮૮૧)

**હદીષ–૧૦** : અબૂ દાઊદ તથા તિર્મિઝી તથા નિસાઈ તથા ઈબ્ને હબ્બાન હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

''મારી પાસે જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એ હાજર થઈને અર્ઝ કરી, હુઝૂર ! મૂર્તિઓ વિશે હુકમ આપો કે તેમનાં સરો કાપી નાખવામાં આવે જેથી ઝાડની જેમ રહી જાય, અને તસ્વીરદાર પડદાના વિશે હુકમ આપો કે કાપીને બે મસ્નદો બનાવવામાં આવે કે જેને જમીન પર નાખીને પગો વડે કચડવામાં આવે.'' (સુલૈમાન ઈબ્ને અશઅષ અબૂ દાઊદ, ઈમામ, સુનને અબૂદાઊદ, ઈસ્લામાબાદ, ૨/૨૧૭) તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન સહીહ છે.

**હદીષ ૧૧ થી ૧૪** : સહીહ બુખારીમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما અને સહીહ મુસ્લિમમાં હઝરત ઉમ્મુલ મો'મિનીન સિદ્દીકા رضی اللہ عنہا અને તેમાં હઝરત ઉમ્મુલ મો'મીનીન મૈમૂના અને મુસ્નદે ઈમામ અહમદમાં સહીહ સનદ સાથે હઝરત ઓસામા ઈબ્ને ઝયદ رضی اللہ عنہما થી છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :

હઝરત જિબ્રઈલ عليه الصلوٰة والتسليم એ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم થી અર્ઝ કરી, **"અમે રહમતના ફરિશ્તા તે ઘરમાં નથી જતા જેમાં કૂતરો તથા તસવીર (જાનદારના ફોટા) હોય."** (હવાલો હદીષ–૪ મુજબ, પેજ : ૨/૨૦૦ તથા ૨/૮૮૧)

**હદીષ–૧૫** : અહમદ તથા નિસાઈ તથા ઈબ્ને માજહ્ તથા ઈબ્ને ખુઝૈમહ્ તથા સઈદ ઈબ્ને મન્સૂર હઝરત અમીરુલ મો'મિનીન અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જિબ્રઈલ અમીને અર્ઝ કરી, **ત્રણ ચીજો છે કે એક પણ ઘરમાં હશે તો કોઈ રહમતનો તથા બરકતનો ફરિશ્તો એ ઘરમાં પ્રવેશશે નહીં, કૂતરો, જુનૂબી તથા જાનદારનુ ચિત્ર.** (અહમદ ઈબ્ને શોએબ નિસાઈ, સુનને નિસાઈ)

**હદીષ ૧૬–૧૭** : મુસ્નદે અહમદ તથા સહીહ બુખારી તથા મુસ્લિમ તથા જામેઅ તિર્મિઝી તથા સુનને નિસાઈ તથા ઈબ્ને માજહ્માં હઝરત અબૂ તલ્હા અને સુનને અબૂદાઊદ તથા નિસાઈ તથા સહીહ ઈબ્ને હબ્બાનમાં હઝરત અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہ થી છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે : **રહમતના ફરિશ્તા એ ઘરમાં નથી જતા જ્યાં કૂતરો તથા તસવીર (જાનદારની છબી) હોય.**(હવાલો–૪ મુજબ પેજ ૨/૨૨૦, ૨/૮૮૧ તથા હવાલો ઉપર મુજબ)

**હદીષ–૧૮** : નિસાઈ તથા ઈબ્ને માજહ્ તથા શાશી તથા અબૂ યઅ્લા અને અબૂનુઈમ હિલયહ્ અને ઝિયા સહીહ મુખ્તારહમાં છે, અમીરુલ મો'મિનીન અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે, મેં હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દાવત કરી. **હુઝૂર તશરીફ લાવ્યા તો પર્દા પર કેટલી તસવીરો બનેલી જોઈ પાછા તશરીફ લઈ ગયા.** મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારા મા બાપ આપના પર કુર્બાન ! કયા કારણે હુઝૂર પાછા ફર્યા ? ફર્માવ્યું, **ઘરમાં પર્દા પર તસ્વીરો હતી અને રહમતના ફરિશ્તા એ ઘરમાં નથી જતા જેમાં તસ્વીરો (ફોટા) હોય.** (અહમદ ઈબ્ને શોએબ નિસાઈ, સુનને નિસાઈ, એમ. એમ. કરાચી, ૨/૨૯૬)



**હદીષ–૧૯** : સહીહ બુખારી તથા સુનને અબૂદાઊદમાં ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا થી છે, **"નબી صلی اللہ تعالیٰ علیہ وسلم જે ચીજમાં તસ્વીરો જોતા તેને તોડયા વિના ન છોડતા."** (મોહંમદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી, ઈમામ, સહીહ બુખારી, નૂર મોહંમદ કરાચી, ૨/૮૮૦ – સુલૈમાન ઈબ્ને અશઅબ અબૂ દાઊદ, સુનને અબૂ દાઊદ, ઈસ્લામાબાદ, ૨/૨૧૬)

**હદીષ–૨૦** : મુસ્લિમ અબૂદાઊદ તથા તિર્મિઝી, હબ્બાન ઈબ્ને હસીનથી રિવાયત કરે છે, ''મને અમીરુલ મો'મીનીન અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે હું તમને એ કામ પર ન મોકલું જેના માટે મને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નિયુકત કરીને મોકલ્યો કે **જે તસ્વીર જુઓ તેને મિટાવી દો** અને કબર શરીઅતની હદથી ઊંચી જુઓ તેને શરીઅતની હદ પ્રમાણે કરી દો.'' (મુસ્લિમ ઈબ્ને હજ્જાજ કુશૈરી, ઈમામ, સહીહ મુસ્લિમ, ઈસ્લામાબાદ, ૧/૩૧૨–અહમદ ઈબ્ને અલી અબૂ યઅ્લા, મુસ્નદે અબૂ યઅ્લા, બૈરૂત)

કબરની ઊંચાઈની શરીઅત પ્રમાણેની હદ એક વેંત છે. (એને રિવાયત કરી અબૂ યઅ્લા અને ઈબ્ને જરીરે, તો એ બંનેએ હબ્બાનનું નામ નથી લીધું. બેશક ! કહ્યું, અલીથી રિવાયત કરતાં કે તેમણે શર્તવાળાને બોલાવ્યો તો તેને કહ્યું, પછી ભાવાર્થ ઝિક્ર કર્યો.)

**હદીષ–૨૧** : ઈમામ અહમદ જય્યિદ સનદ સાથે અમીરુલ મો'મિનીન کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરે છે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એક જનાઝામાં હતા. હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો :– તમારામાં કોણ એવો છે જે મદીના જઈને દરેક મૂર્તિને તોડી પાડે અને દરેક કબરને સરખી કરી દે અને દરેક તસ્વીર મિટાવી દે ?! એક સાહબે અર્ઝ કરી, હું ! યા રસૂલલ્લાહ ! ફર્માવ્યું, તો જાવ ! તેઓ જઈને પાછા આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મેં સૌ મૂર્તિઓ તોડી નાખી અને સૌ કબરો સરખી કરી દીધી અને સૌ તસ્વીરો મિટાવી દીધી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **હવે જે આ બધી ચીજો બનાવશે તે કુફ્ર તથા ઈન્કાર કરશે એ ચીજની સાથે જે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પર નાઝિલ થઈ.** વલ્અયાઝુબિલ્લાહિ રબ્બિલ આલમીન.

(અલી ઈબ્ને અબૂબક્ર અલ્હીતી, મોઅતમે ઝાવાઈદ, બૈરૂત, ૫/૧૭૨ તથા

અહમદ ઈબ્ને હંબલ, ઈમામ, મુસ્નદે ઈમામ અહમદ, બૈરૂત ૧/૧૭)

મુસલમાન ઈમાનની નજરથી જુએ કે સહીહ તથા સરીહ (સ્પષ્ટ) હદીષોમાં એના પર કેવી સખતથી સખત વઈદો (વોર્નિંગો) ફર્માવવામાં આવી અને તમામ હદીષો આમ છે, સામેલ છે, ઘેરાયેલી તથા કામિલ છે. **જેમાં મુદ્દલે કોઈ તસવીર (ફોટો) કોઈ તરીકાથી (ગમે તે રીતની, હાથ વડે કે કેમેરા થકીથી) અપવાદ નથી. તો પછી દીનના તા'ઝીમને પાત્ર બુઝુર્ગોની તસવીરોને ખુદા વ રસૂલના હુકમની બહાર સમજવી તદ્દન બાતિલ ગલત ગુમાન છે. બલ્કે શરીઅતે પાકમાં અધિક સખત અઝાબ તસવીરોની તા'ઝીમ પર જ છે અને ખૂદ મૂર્તિપૂજાની શરૂઆત આ જ તા'ઝીમને પાત્ર બુઝુર્ગોની તસ્વીરોથી થઈ.**

કુર્આને પાકમાં જે પાંચ મૂર્તિઓનો ઉલ્લેખ સૂરએ નૂહ علیہ الصلوٰۃ والتسلیم માં ફર્માવવામાં આવ્યો છે. વદ્દ, સુવાઅ, યગૂષ, યઊક, નસ્ર. આ પાંચ સાલેહીન (નેક) બંદાઓ હતા તો લોકોએ તેમના વિસાલ પછી **ઈબ્લીસ લઈનના બેહકાવવાથી તેમની તસ્વીરો બનાવીને મજલિસોમાં ગોઠવી.** પછી બાદમાં આવનારી પેઢીઓએ તેમને મઅબૂદ સમજી લીધા. (બુખારી શરીફ, રાવી : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما)

**હદીષ–૨૨** : સહીહ બુખારી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી ત્રણ હદીષો છે, એ ત્રણ હદીષોનો ભાવાર્થ એ છે કે :– રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફતહના દિવસે કા'બા મોઅઝ્ઝમામાં દાખલ થયા. એમાં હઝરત ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ તથા હઝરત મરયમ તથા મલાઈકાએ કિરામ علیہم السلام વગેરેની તસ્વીરો નજરે પડી, કેટલીક પૂતળા રૂપે કેટલીક દીવાલ પર અંકિત કરેલી. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એટલેથી પાછા વળી ગયા અને ફર્માવ્યું, ખબરદાર થઈ જાવ ! બેશક ! આ બનાવનારાઓના કાનો સુધી પણ વાત પહોંચેલી હતી કે, જે ઘરમાં કોઈ તસ્વીર હોય તેમાં રહમતના ફરિશ્તા નથી જતા. પછી હુકમ ફર્માવ્યો, જેથી જેટલી પૂતળા રૂપે હતી



સૌ બહાર કાઢી નાખવામાં આવી. એમાં જ સૈયેદેના ઈબ્રાહીમ ખલીલુલ્લાહ તથા સૈયેદેના ઈસ્માઈલ ઝબીહુલ્લાહ علیہم السلام ની તસ્વીરો પણ બહાર લાવવામાં આવી. **જ્યાં સુધી આખુ કા'બા મોઅઝ્ઝમા સર્વ તસ્વીરોથી પાક ન થઈ ગયું, હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **એ પોતાના કદમે કરમથી તેને શરફ ન બખ્શ્યો. (અંદર તશરીફ લાવ્યા નહીં).**

**હદીષ ૨૩ થી ૨૫ :–** મુસ્નદે ઈમામ અહમદમાં હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી હદીષ રિવાયત થયેલ છે. બીજી હદીષ ઉમર ઈબ્ને શયબા, હઝરત ઓસામા ઈબ્ને ઝયદ رضی اللہ عنہ થી ત્રીજી હદીષ અબૂબક્ર ઈબ્ને અબી શય્બહ્ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરે છે.

એ ત્રણે હદીષોનો ભાવાર્થ એ છે કે જે તસ્વીરો કા'બામાં હતી, તેના માટે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમીરુલ મો'મીનીન ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને હુકમ ફર્માવ્યો કે તેને મિટાવી દો. ઉમર رضی اللہ عنہ તથા અન્ય સહાબાએ કિરામ ચાદરો ઉતારી ઉતારીને હુઝૂરના હુકમના પાલનમાં લાગી ગયા. ઝમ ઝમ શરીફથી ડોલ ભરીને આવતા અને કા'બાને અંદર બહારથી ધોવામાં આવતો, કપડાં પલાળી પલાળીને તસ્વીરો નષ્ટ કરવામાં આવતી. એટલે સુધી કે તે મુશ્રિકોની સૌ નિશાનીઓ ધોઈને સાફ કરી નાખી. જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખબર મળી કે હવે કોઈ નિશાની બાકી નથી રહી ત્યારે અંદર રોનક અફરોઝ થયા.

જોગાનુજોગ **કેટલીક તસ્વીરો જેમ કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ** علیہ الصلوٰۃ والتسلیم વગેરેનું નિશાન રહી ગયું હતું. ફરી નજર ફર્માવી તો જોયું હઝરત **મરયમની તસ્વીર** પણ સાફ ધોવાઈ ન હતી. હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઓસામા ઈબ્ને ઝૈદ رضی اللہ عنہ થકી **એક ડોલ પાણી મંગાવીને જાતે પોતે કપડુ ભીનુ કરીને તેને સાફ કરવામાં શિર્કત ફર્માવી અને ઈર્શાદ ફર્માવ્યો, અલ્લાહની માર આ તસ્વીર બનાવનારાઓ પર !** (મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ તથા ફત્હુલ બારી

વગેરે) ફત્હુલ બારી શરહે સહીહ બુખારીમાં એ જ પ્રમાણે છે જે ઉપર ગુજર્યું.

**હદીષ–૨૬** : સહીહૈનમાં ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદીકા رضی اللہ عنہا થી છે. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મર્ઝમાં અમુક અજવાઝે મુતહ્હરાતે (પાક બીવીઓએ) એક ગિરજાનો ઉલ્લેખ કર્યો જેનુ નામ મારિયહ્ હતું. અને હઝરત ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલ્મા તથા ઉમ્મે હબીબા હબ્શના મુલ્કમાં જઈ આવ્યાં હતાં. આ બંને બીવીઓએ મારિયહ્ની ખૂબસૂરતી અને તેની તસ્વીરોનો ઉલ્લેખ કર્યો. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સરે અન્વર ઉઠાવીને ફર્માવ્યું, એ લોકો એમનામાં જ્યારે કોઈ નેક બંદો નબી કે વલી ઈન્તેકાલ કરતો તો તેની કબર પર મસ્જિદ બનાવીને **તબર્ઈક રૂપે તેની છબી લગાડતા, એ લોકો બદતરીન મખ્લૂક છે.** (હવાલો–૪ મુજબ, પેજ નં. ૧/૧૭૯)

**હદીષ–૨૭** : ઈમામ બુખારી કિતાબુસ્સલાત જામેઅ્ સહીહમાં એ ચર્ચા સંબંધે અને અબ્દુર્રઝ્ઝાક તથા અબૂબક્ર અબી શયબા પોતપોતાની કિતાબો અને બયહકી સુનનમાં અસ્લમ મૌલા (જે હઝરત ઉમરના આઝાદ કરેલ ગુલામ)થી રિવાયત કરે છે કે, અમીરુલ મો'મિનીન શામના મુલ્કમાં તશરીફ લઈ ગયા. એક જમીનદારે આવીને અર્ઝ કરી, મેં હુઝૂરના માટે ખાણુ તૈયાર કરાવ્યું છે, હું ચાહું છું કે હુઝૂર મારે ત્યાં તશરીફ લાવે જેથી ખાનદાનવાળાઓમાં મારી ઈજ્જત થાય. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, "અમે તે ગિર્જાઘરોમાં નથી જતા જેમાં આ તસ્વીરો હોય."

**સારાંશ** : હુકમ સ્પષ્ટ છે અને મસ્અલો સ્પષ્ટ છે અને વર્ણન કરેલ હરકતો યકીનની સાથે છે, અને **તેમાં (ફોટા લગાડવામાં) સવાબની માન્યતા રાખવી ઉઘાડી ગુમરાહી છે.**

એ શખ્સ ઉપર ફર્ઝ છે કે એ હરકતથી દૂર થાય અને હરામમાં સવાબની ઉમ્મીદથી ન પોતે ગુમરાહ થાય ન જાહિલ મુસલમાનોને ગુમરાહ કરે. **એ તસ્વીરોને વેરાન જંગલમાં રસ્તાથી દૂર લોકોની**



**નજરોથી બચાવીને એવી રીતે દફન કરી આપે કે જાહિલોને એ વિશે તદ્દન ખબર ન પડે. કોઈ એવા દરિયામાં કે કદી ત્યાં કોઈનો કદમ ન પહોંચતો હોય, તેમાં જાહિલોની નજરથી છુપાવીને ઊંડા ખાડામાં એવી રીતે સુપ્રત કરી આપે કે પાણીમાં મોજાંઓથી કદી જાહેર થવાનો ખતરો ન રહે.**

## ★ રોઝા મુબારક તથા નાલૈન પાકના નકશા વિશે ★

આ સર્વ જાનદાર તસ્વીરો વિશે હતું. હવે રહ્યો રોઝા મુબારકનો નકશો તો એના જાઈઝ હોવામાં કાંઈ કહેવાપણુ છે જ નથી. **જેવી રીતે તે (જાનદાર) તસ્વીરોની હુરમત (હરામ હોવું) યકીની છે એવી જ રીતે આ (નકશાએ રોઝા મુબારક)નું જાઈઝ હોવું ઈજમાઈ છે.** શરીઅતે પાકમાં જાનદારની તસ્વીરો હરામ ફર્માવી, હદીષ–૧૧માં આ કૈદનો ખુલાસો આવી ગયો છે.

પહેલી હદીષમાં છે કે એક તસ્વીરકારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما ની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી, હું તસ્વીર બનાવું છું એનો ફતવો આપો. ફર્માવ્યું, નજીક આવ ! તે નજીક આવ્યો. ફર્માવ્યું, નજીક આવ ! તે અધિક નજીક ગયો. એટલે સુધી કે હઝરતે પોતાનો દસ્તે અકદસ એના માથા પર રાખીને ફર્માવ્યું, શું હું તને ન બતાવું તે હદીષ જે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળી ? પછી ઉપરોકત હદીષ–૧ તસ્વીરકારોના જહન્નમી હોવા વિશેની કહી સંભળાવી. તેણે અતિશય ઠંડો શ્વાસ લીધો. હઝરતે ફર્માવ્યું : **અફસોસ ! જો તારાથી (તસ્વીર) બનાવ્યા વિના ન જ રહેવાતુ હોય તો ઝાડની તથા જાનદાર ન હોય એવી ચીજોની તસ્વીરો બનાવ્યા કર.** (મોહંમદ ઈબ્ને ઈસ્માઈલ બુખારી, બુખારી શરીફ, ૧/૨૯૮)

ચારેવ મઝહબ (હનફી, શાફઈ, માલિકી, હંબલી)ના ઈમામોએ એના જાઈઝ હોવાના ખુલાસાઓ કરેલા છે. તમામ મઝહબની કિતાબો એનાથી ભરાયેલી પડી છે.

દરેક રીતે મસ્અલો સ્પષ્ટ અને હક્ક રોશન છે છતાં વસવસાઓને દૂર કરવા તથા લોકોની સમક્ષ હક્ક સાબિત કરવા માટે અઈમ્માએ કિરામ તથા ઉલમાએ અઅ્લામની કેટલીક સનદો આ સાથે રજુ કરી દઉં કે કયા કયા દીનના અકાબિરો તથા મોટા મોટા મોઅ્તમે દીને **મઝારે અકદસ** અને તેના જેમ **નઅલે અકદસ**ના નકશા બનાવ્યા અને તેની તાઝીમ કરતા રહ્યા અને તેને તબર્રૂક રૂપે રાખતા રહ્યા અને આ વિષયમાં કેવાં કેવાં કથનો મો'મિનોની રૂહ ખુશ થઈ જાય અને મુનાફિકોની જાન ચાલી જાય તેવા ઈર્શાદ ફર્માવ્યાં તેને જુઓ :–

**(૧)** ઈમામ અષીમ ઈબ્ને નસ્તાસ તાબઈ મદની **(૨)** ઈમામ મોહદ્દિષે કબીર જલીલુલ કદ્ર અબૂનુઈમ સાહબ હિલયતુલ ઔલિયા **(૩)** ઈમામ મોહદ્દિષ અલ્લામા અબુલ ફર્જ અબ્દુર્રહ્માન ઈબ્ને અલ્જૂઝી હંબલી **(૪)** ઈમામ અબૂ અલ્યમ્ન ઈબ્ને અસાકિર **(૫)** ઈમામ તાજુદ્દીન ફાકહની સાહિબે બહરે મુનીર **(૬)** અલ્લામા સૈયદ નૂરૂદ્દીન અલી ઈબ્ને અહમદ સમહૂદી મદની શાફઈ સાહિબે કિતાબ વફાઉલ વફા તથા ખુલાસતુલ વફા **(૭)** સૈયદ આરિફ બિલ્લાહ મોહંમદ ઈબ્ને સુલૈમાન જઝૂલી સાહિબે દલાઈલ **(૮)** ઈમામ મોહદ્દિષ ફકીહ અહમદ ઈબ્ને હજર મક્કી શાફઈ સાહિબે જૌહર મુનઝ્ઝમ **(૯)** અલ્લામા હુસૈન ઈબ્ને મોહંમદ ઈબ્ને હસન દયારે બિક્રી સાહિબુલ્ખમીસ ફી અહવાલિન્નફસે નફીસ صلی اللہ تعالٰی علیہ وسلم **(૧૦)** અલ્લામા સૈયદી મોહંમદ ઈબ્ને અબ્દુલબાકી ઝુર્કાની માલિકી શારેહે મવાહિબે લદુન્નિયહ્ વ મન્હે મોહંમદિયહ્ **(૧૧)** શયખ મોહક્કિક અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી સાહિબે જઝબુલ્ કુલૂબ **(૧૨)** મોહંમદ આશિક ઈબ્ને ઉમર અલહાફિઝ રૂમી હનફી સાહબ ખુલાસતુલ અખ્બાર તર્જમા ખુલાસતુલ વફા વગેરે ઈમામો તથા ઉલમાએ મઝારે અકદસો અકરમ સૈયદે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم તથા મુકદસ કબરો હઝરાત સિદ્દીકે અકબર તથા ફારૂકે આઝમ رضی اللہ عنہما ના નકશાઓ બનાવ્યા. "મવાહિબે લદુન્નિયહ" અને તેની "શરહે ઝુર્કાની" વગેરેમાં એ પ્રમાણે વર્ણન છે. જેમને અસલ અરબી લખાણો જોવાં હોય તેઓ 'મકામાતે મુકદસા ઔર તસ્વીરકશી' કિતાબ (અઝ : આ'લા હઝરત)નો



અભ્યાસ કરે.

જો મઆઝલ્લાહ 'દલાઈલુલ ખૈરાત' શરીફથી જણાવેલ નકશો કાઢવામાં આવે તો ન કેવળ "દલાઈલ" બલ્કે તે સર્વ હદીષોની તથા સૈરની કિતાબો વગેરેનાં પાનાંઓ પણ ફાડવામાં આવે અને તે ઈમામો તથા મોહદ્દિષોના બનાવેલા નકશાઓનો શો ઈલાજ કરવો ?! જે તાબઈન તથા તબએ તાબઈનના જમાનાથી પેઢી દર પેઢી હદીષની રિવાયતોમાં નકશાઓ બનાવતા આવ્યા. અલ્લાહ عزوجل આપણને જાતે પોતે કાંઈ વધારવા તથા ઘટાડવાની આફતથી બચાવે. દલાઈલુલ્ ખૈરાત શરીફને સંપાદિત થવાને **પોણા પાંચસો વરસો વહી ગયા** ત્યારથી પસંદ પામેલી કિતાબ પૂર્વ, પશ્ચિમ, અરબ તથા અજમ તમામ જહાનના ઉલમા તથા ઔલિયા તથા સાલેહીનમાં ચહીતી તથા દીનો ઈમાનનો વઝીફો બનેલી છે. આ હુસ્ને કુબૂલ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ 'ઝયદ' તથા 'અમ્ર'ના મિટાવવાથી મિટી શકશે નહીં.

હા ! હવે નવા જમાના, ફિત્નાના ઘરાનામાં તે ગુમરાહો પણ પેદા થયા જેઓ અલ્લાહની પનાહ ! 'દલાઈલુલ ખૈરાત'ને શિર્ક તથા બિદઅતની ખાણ કહે છે ! પણ તેમના કહેવાથી ઉમ્મતે મર્હૂમાનો ઈત્તેફાક તથા એકમતિ નથી તૂટી શકતી.

કશ્ફુઝ્ ઝુનૂનમાં છે : કિતાબ દલાઈલુલ્ ખયરાત અલ્લાહ તઆલાની આયતો (નિશાનીઓ)માંથી એક આયત છે કે પૂર્વ તથા પશ્ચિમમાં હમેશાં પઢવામાં આવે છે, એના વિવિધ નુસ્ખાઓ છે. મોઅલ્લિફ (સંપાદક) رحمۃ اللہ علیہ થી તેની પુષ્કળ પ્રમાણમાં રિવાયત થઈ છે પણ મોઅ્તબર અબૂ અબ્દુલ્લાહ મોહંમદ સહલીનો નુસ્ખો છે કે મુસન્નિફ કુદ્દેસ સિર્રહૂએ વિસાલ શરીફના આઠ વરસ પહેલાં ૬–રબીઉલ અવ્વલ હિ. ૮૬૨માં તેની સુધારણા કરી હતી.

**(૧૩)** અલ્લામા મોહંમદ ઈબ્ને અહમદ ઈબ્ને અલી ફાસી મિસ્રી મુતાલેઅમાં ફર્માવે છે : મુઅલ્લિફ (સંપાદક) رضی اللہ عنہ એ હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم ના પાક નામોના વિભાગ પછી રોઝા

મુબારકની સિફતો (ખૂબીઓ)નું પ્રકરણ પણ ઈમામ તાજુદ્દીન ફાકેહાનીના પ્રમાણે રજુ કર્યું કે એમણે પોતાની કિતાબ ''ફજરે મુનીર''માં **મુકદ્દસ કબરોની તસ્વીરોમાં ખાસ એક પ્રકરણ વર્ણન કર્યું છે.** અને એમાં ઘણા જ ફાયદાઓ છે તેમાંથી એ કે, **જેને રોઝાએ મુબારકની ઝિયારત નસીબ ન થઈ તે આ નકશએ પાકની ઝિયારત કરે, આતુરતાથી તેને જુએ અને બોસો આપે અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની મહોબ્બત અને હુઝૂરનો શૌક તેના દિલમાં વધે.**

એમાં જ છે :– મેં પૂર્વના (મશ્રિકના) કેટલાક ઉલમાઓની કિતાબોમાં જોયું કે જે મુરીદ ઈસ્મે પાકનો ઝિક્ર કરે તેણે જોઈએ કે અલ્લાહનું પાક નામ એક વરકમાં સોનાથી લખીને પોતાની નજરો સમક્ષ રાખે. તો (એ જ પ્રમાણે) જ્યારે આ કિતાબનો પઢનાર રોઝાએ મુકદ્દસની ખૂબસૂરત તસ્વીર ખુશનુમા રંગો વડે રંગે, ખાસ કરીને સોનાના પાણીથી બનાવે તો એ જ કબીલા (ગિરોહ)માંથી છે. (મોહંમદ મહદી અલ્ફાસી, મતાલિઉલ મસર્રાત, નૂરીયા રઝવિયા, ફૈઝાબાદ, પેજ–૧૪૫)

એમાં છે :– ''કેટલાક ઔલિયાએ કિરામ જેમણે ઝિક્ર તથા શુગ્લથી મુરીદોની તર્બિયત કરી. તેઓ ઈર્શાદ ફર્માવે છે કે જ્યારે ઝિક્ર **લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** صلی اللہ تعالیٰ علیہ وسلمથી કામિલ કરી લે તો જોઈએ કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمનો તસવ્વુર બશરી સૂરત, નૂરની ચમક, નૂરના લિબાસમાં નજરો સમક્ષ જમાવે, જેથી હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمની સૂરત કરીમહ્ તેના દિલના આઈનામાં જામી જાય અને તેનાથી એવી ઉલ્ફત (મહોબ્બત) પેદા થાય કે તેના સબબે હુઝૂરના અસ્રારથી ફાયદો પામે, હુઝૂરના અન્વારના ફૂલો ચૂંટે. અને જેને આ તસવ્વુર મયસ્સર ન થાય તે એ જ ખયાલ જમાવે કે જાણે મઝારે મુકદ્દસની સામે હાજર છે અને દરેક વેળા જ્યારે ઝિક્રમાં નામે પાક આવે ત્યારે તસવ્વુરમાં મઝારે પાકની તરફ ઈશારો કરતા જાય, કેમ કે દિલ જ્યારે એક ચીજથી મશગૂલ (આકર્ષિત) થઈ જાય છે તો તે વખતે બીજી ચીજને કબૂલ નથી કરતુ. માટે હવે રોઝાએ મોતહ્હરા તથા કુબૂરે મોતહ્હરાની



તસ્વીરો બનાવવાની હાજત થઈ કે જે દલાઈલુલ્ ખયરાત પઢનારાઓએ તેની ઝિયારત ન કરી, અને અકસર એવા જ છે તે એમને ઓળખી લે, અને ઝિક્રના સમયે તેમનો તસવ્વુર જહનમાં જમાવે.

(હવાલો અગાઉ મુજબ, પેજ–૧૪૪)

એમાં છે :– ઉલમાએ કિરામે નઅલે મુકદ્દસના નકશાઓને નઅલે મુકદ્દસના કાઈમ મુકામ બનાવ્યા (નાલૈને પાકના સ્થાને રાખ્યા) અને તે જ એહતેરામ તથા તાઝીમ જે અસલના માટે હતી તે એના માટે પણ સાબિત ઠરાવી અને એ નકશા મુબારકના માટે ખૂબીઓ તથા બરકતો બયાન ફર્માવી, અને નિઃશંક એ અનુભવવામાં આવ્યું અને એના બારામાં ઘણાયે અશ્આર કહ્યા અને તેની તસ્વીરના બારામાં કિતાબો લખી અને તેને સનદોથી રિવાયત કર્યું અને કહેનારાએ કહ્યું કે જ્યારે તેના શૌકથી આતિશ મારા સીનામાં ભડકે છે અને એનો દીદાર મયસ્સર નથી થતો તો તેની તસ્વીર હાથ પર ખેંચીને આંખને કહું છું, આટલા પર બસ કર ! (પેજ નં. ૧૪૪)

**(૧૭)** અલ્લામા તાજુદ્દીન ફાકેહાની ''ફજરે મુનીર''માં ફર્માવે છે :– રોઝા મુબારકનો નકશો લખવામાં એક ફાયદો એ છે કે જેને અસલ રોઝા પાકની ઝિયારત ન મળી તે એની ઝિયારત કરે અને દિલમાં શૌક સાથે તેને બોસો આપે કે આ દ્રષ્ટાંત (તસ્વીર) અસલના સ્થાને છે. જેમ કે નઅલે પાકનો નકશો ખાસ ફાયદાઓમાં યકીનની સાથે એના સ્થાને છે. જેના પર સહીહ તજરબા (સાચા અનુભવો) શાહિદે આદિલ (ન્યાયી ગવાહ) છે એટલા માટે દીનના ઉલમાએ નકશાની તાઝીમ એ જ રાખી જે અસલની રાખવામાં આવે છે.

**(૧૮) દલાઈલુલ ખયરાતના લેખકે (કુદ્દેસ સિર્રહુલ અઝીઝ) એની શરહે કબીરમાં એને નકલ કરે છે અને અલ્લામા મમદૂહની જેમ જ જાહેર કરે છે, જેમ કે ઉપર આવીગયું.**

(૧૯) ઈમામ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈબ્ને મોહંમદ ખલફ અસ્સલમી ઉર્ફે ઈબ્નુલહાજે અલમઝની અલ ઉન્દલુસી رحمۃ اللہ علیہએ નાલૈન પાકના નકશાના બારામાં સંપૂર્ણ કિતાબ બહાર પાડી.

(૨૦) એ જ પ્રમાણે તેમના શાગિર્દ શયખ અઝીઝ અબુલ યમન ઈબ્ને અસાકિરે નકશાએ નાલૈન પાકના માટે મહાન ઉમદા કિતાબ 'ખિદમુતુન્નઅલે લિકદમિલ મુહમ્મદી' صلی اللہ تعالیٰ علیہ وسلم લખી જેની સાથે અકાબિર ઈમામોએ હદીષની કિતાબોની જેમ રિવાયતના તરીકે સાંભળવા, પઢવાની પ્રતિ પૂરું ધ્યાન આપ્યું.

(૨૧) ઈમામ અહમદ ઈબ્ને મોહંમદ ખતીબ કસ્તલાની ઈર્શાદુસ્સારી શરહે સહીહ બુખારીના લેખક મવાહિબે લદુન્નિયહ તથા મનહે મોહંમદિયહ્‌માં ફર્માવે છે :–

(અરબીનો સારાંશ) : ઈબ્ને અસાકિરે નઅલે અકદસના વિષયમાં એક મુસ્તકિલ (સંપૂર્ણ અલગ) કિતાબ લખી જેને મેં ઉસ્તાદથી પઢીને, ઉસ્તાદથી સાંભળીને રિવાયત કર્યું. અને એ જ પ્રમાણે ઈબ્નુલ હાજ ઉન્દુલુસી વગેરે ઉલમાએ એ બારામાં મુકમ્મલ કિતાબો રચી અને અલ્લાહ عزوجل માટે છે ખૂબી. અબુલ યમન ઈબ્ને અસાકિરે કેટલો સરસ કસીદો નકશાની પ્રશંસામાં લખ્યો, જેમાં ફર્માવે છે : **હે ફાનીની યાદ કરનાર ! એ ચીજોની યાદ છોડ અને મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمના તબર્રુકાત શરીફની ખાક બોસી કર ! નસીબ જોગે જો તને એ નઅલે પાકની તસ્વીરનો બોસો મળે તો તારો ચહેરો એના પર રાખ અને તેની ખાક પર તારો ચહેરો રગડ ! હે નઅલે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمની તસ્વીર ! તારી ઈઝ્ઝત, શરફ તથા મહાનતા પર મારી જાન કુર્બાન ! તને જોઈને આંખો એવી વહેવા લાગી કે હવે અટકવાનું બહુ દૂર છે ! તને જોઈને તેમને મદીનાની વાદીએ અકીકમાં મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلمની રફતાર યાદ આવી ગઈ, જેથી પોતાનાં વહેતાં આંસૂઓમાં લાલ લાલ અકીક**



**ન્યોછાવર કરી રહી છે. હે નઅલે પાકની તસ્વીર ! તેં મને તે પાક કદમ યાદ અપાવ્યો જેની બુલંદી અને તેનું અસ્તિત્વ તથા એહસાન અલ્લાહના ફઝલથી છે. જો મારા ચહેરાની ચામડી ઉખેડીને તે પાક કદમના માટે નઅલે પાક (જુતા મુબારક) બનાવત તો દિલની તમન્ના બર આવત અથવા મારી આંખ તેમની કફશ મુબારક માટે (જુતા મુબારક માટે) જમીન હોત તો તે જમીન હોવાને લીધે ઈજ્જતનું આસ્માન બની જાત !**

**(૨૨)** અબુલ હાકિમ ઈબ્ને અબ્દુર્રહમાન ઈબ્ને અલી ઈબ્ને અબ્દુર્રહમાન ઉર્ફે ઈબ્નુલ મુરહલ કે જે પશ્ચિમના ફાઝિલોમાંથી છે. ઈમામ બકીયતુલ હુફ્ફાઝ ઈબ્ને હજર અસ્કલાનીએ તબ્સીરમાં તેનો ઉલ્લેખ કર્યો, નઅલે પાકના નકશાની ખૂબીઓમાં તેમના ચમકતા કસીદાને શૈખ ઈબ્નુલ હાજે પોતાની મઝકૂર કિતાબમાં વર્ણવેલ છે. ઈમામ કસ્તલાનીએ તેને **માઅહ્‌સનહા** કહ્યું એટલે કે ''શું સરસ ફર્માવ્યું !'' તેની કેટલીક કડીઓ (શેઅરો) મવાહિબમાં આ પ્રમાણે છે :–

''મારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلمના નાઅલે પાકની તસ્વીરને હું દોસ્ત (પ્રિય) રાખુ છું અને રાત દિવસ તેને બોસા આપુ છું, મારા માથા તથા મોઢા પર રાખુ છું અને કદીક તેને ચુમુ કદીક સીનાથી લગાડુ છું. હું તેને મારા ધ્યાનમાં મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلمના મુબારક કદમોમાં કલ્પુ છું તો સાચી કલ્પનાની શિદ્દતથી જાણે મારી આંખો વડે જાગૃતાવસ્થામાં જોઈ લઉં છું. તે નકશે પાકને મારા ચહેરા પર મૂકીને તેને હલાવું છું અને એવું વિચારું છું કે જાણે તેઓ તેને પહેરીને મારા ચહેરા પર ચાલી રહ્યા છે. આહ ! કોણ એવું કરી આપે કે તે કદમ મુબારક સાતેવ આસ્માનોના સિતારોઓના સરો પર બુલંદ થયા તેમના જુતા (નઅલ) મુબારક ચાલવામાં મારા ગાલો પર પડે ! હું નાલૈન પાકના નકશાને મારા સીના પર દિલનું તાવીઝ બનાવીને રાખીશ કે જેથી શાયદ દિલની આગ ઠંડી પડી જાય, તેને માથા પર આંખોનું તાવીઝ બનાવીને બાંધીશ

તો શાયદ વહેતાં પાપણો રોકાય. સાંભળી લો ! કફશે મુકદસ (નાલૈન પાક)ની તસ્વીર પર મારા બાપને ન્યોછાવર કરવા સારું છે, તેને બનાવનાર અને જે તેની ખિદમત કરે તે પાક થઈ જાય, નવા ચાંદની તમન્ના છે કે કાશ ! આસ્માનેથી ઉતરીને એ નકશાએ મુબારકના બોસામાં હું અને તે મળીને ભેટીએ, અલ્લાહ عزوجل ના સલામ ઉતરે મોહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પર કે જ્યાં સુધી સવારની હવા ચાલે અને જ્યાં સુધી ઈરાકના (એક પ્રકારનું ઝાડ) ઝાડની ડાળીઓ પર કબૂતર ગુંજે.

**(૨૩)** તદ્ ઉપરાંત મવાહિબે લદુન્નિયહ્માં છે :– આ નકશા મુબારકના જે ફઝાઈલ બયાન કરવામાં આવ્યા અને તેના ફાયદાઓ તથા બરકતો જે લખવામાં આવી એમાંથી તે છે જે શયખ સાલેહ સાહિબે વરઓ તકવા અબૂ જાફર અહમદ ઈબ્ને અબ્દુલ મજીદે બયાન ફર્માવ્યું કે મેં નઅલે પાકનો નકશો મારા કેટલાક શાગિર્દોને બનાવી આપ્યો હતો, તેમણે આવીને કહ્યું, રાતમાં મેં આ નાલૈન પાકના નકશાની અજબની બરકત જોઈ ! મારી પત્નીને એક વખત એવું સખત દર્દ લાગુ પડયું કે મરવાની અણીએ પહોંચી ગઈ. મેં નઅલે પાકના નકશાને દર્દની જગાએ રાખીને દુઆ કરી કે, ઈલાહી ! એની બરકતથી શિફા આપ ! અલ્લાહ عزوجل એ તરત જ શિફા આપી.

**(૨૪)** તદ્ઉપરાંત ઈમામ કસ્તલાની ફર્માવે છે કે અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈબ્ને અલ્હાજ ફર્માવે છે કે તેમના શયખ અબુલ કાસિમ ઈબ્ને મોહંમદ ફર્માવે છે :–

''નઅલે પાકના નકશાની અજમાવેલી બરકતોમાંથી છે કે જે શખ્સ તબર્રુકની નિય્યતથી તેને પોતાની પાસે રાખે તે જાલિમોના જુલ્મ તથા દુશ્મનોના ગલ્બાથી અમાન પામે અને તે મુબારક નકશો દરેક સરકશ શૈતાન અને દરેક ઈર્ષાળુની બુરી નજરથી બચવા તેની પનાહ બની જાય અને ગર્ભવતી સ્ત્રી સુવાવડના સખત દર્દમાં જો તેને પોતાના જમણા હાથમાં લે તો અલ્લાહની ઈનાયતથી તેનું કામ આસાન થાય.

(ઝુર્કાની અલલ્ મવાહિબ, ૫–૫૫)



(૨૫) અલ્લામા અહમદ ઈબ્ને મોહમ્મદ મક્કી તિલ્માસાનીએ આ વિષયમાં બે સંપૂર્ણ કિતાબો લખી છે, એક 'અન્નફહાતુલ અંબરિય્યહ ફી વસ્તે નઅલે ખયરિલ બરિય્યહ' صلی اللہ تعالیٰ علیہ وسلم જે લાભદાયી સંપૂર્ણ ઉમદા કિતાબ છે. બીજી 'મફતહુલ્ મુતઆલ ફી મદહે ખયૂરિન્નિઆલ' કે જે સમૃધ્ધ ભરપૂર કિતાબ છે. એ મુબારક કિતાબોમાં અજબ અજબ ફઝીલતો તથા બરકતો, બલાઓનું દફે થવું તથા હાજતો પૂરી થવી કે જે આ નકશા મુબારકથી ખૂદ અનુભવ્યું, અને પૂર્વજ બુઝુગો (સલફે સાલેહ) તથા હાલના બુઝુર્ગોએ જોયું અને ખૂબ પ્રમાણમાં વર્ણન કર્યું, તેનો ઉલ્લેખ કરવાથી લખાણ લંબાઈ જશે માટે જેને જોવું હોય તે 'ફત્હુલ મુતઆલ'નો અભ્યાસ કરે.

હવે હું લખાણ ટૂંકાવવાના હેતુથી તે બાકી રહેલા મહાન ઈમામોના કેટલાંક નામો ગણાવીને અટકુ છું, જેમણે નકશા મુબારક બનાવ્યો, બનાવડાવ્યો, બનાવીને પોતાના શાગિર્દોને આપ્યો, તેને તબર્રૂક રૂપે રાખ્યો, તેની તારીફો લખી, તેનાથી ફયૂઝ તથા બરકતો હાંસલ કરવા, તેને માથા તથા આંખો પર રાખવા, બોસો દેવાની તરગીબો કરી (એ પ્રતિ આકર્ષિત કર્યા), હદીષોની જેમ સંપૂર્ણ એહતેમામની સાથે તેની રિવાયતો ફર્માવી. જેને વિસ્તાર પૂર્વક જોવું હોય તે ફત્હુલ મુતઆલ વગેરેનો અભ્યાસ કરે.

**(૨૬)** ઈમામે અજલ અબૂ ઉવૈસ અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉવૈસ ઈબ્ને માલિક ઈબ્ને અબી આમિર અસ્જી મદની કે જે મદીના શરીફના મહાન ઉલમામાંથી તથા ઈમામો, મોહદ્દિષો તથા રિજાલે સહીહ મુસ્લિમ તથા સુનને અબૂ દાઊદ તથા તિર્મિઝી તથા નિસાઈ તથા ઈબ્ને માજહ્ અને તબએ તાબઈનના આલા તબકામાંથી છે. ઈમામ માલિક رضی اللہ عنہના બનેવી અને તેમના હકીકી ચચાઝાદ ભાઈના પુત્ર છે. હિ.સ. ૧૬૮માં ઈન્તેકાલ ફર્માવ્યો. તેમણે ખૂદ પોતાના માટે ઈમામ માલિક વગેરે અકાબિર ઈમામો, તાબઈન, તબએ તાબઈનના જમાનામાં નઅલે અકદસે નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની મિષાલ (નકશો) બનાવીને પોતાની પાસે રાખી અને એક પછી એક યુગમાં આ પ્રમાણેના નકશાઓ દરેક તબકાના

ઉલમા લેતા રહ્યા.

**(૨૭)** એમના સાહબઝાદા ઈમામ માલિકના ભાણ્યા ઈસ્માઈલ ઈબ્ને અબૂ ઉવૈસ જે ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમના ઉસ્તાદ અને રિજાલે સહીહૈન (બુખારી, મુસ્લિમના રાવીઓ) અને તબે તાબઈનની પયરવી કરવાવાળાઓના ઉચ્ચ તબકામાંથી છે. ઈમામ શાફઈ તથા ઈમામ અહમદ رضی اللہ عنہماના સમકાલિન જે હિ.સ. ૨૨૬માં વફાત પામ્યા.

**(૨૮)** તેમના શાગિર્દ અબૂ યહયા ઈબ્ને મયસરા.

**(૨૯)** તેમના શાગિર્દ અબૂ મોહમ્મદ ઈબ્રાહીમ ઈબ્ને સહલ સબતી.

**(૩૦)** તેમના શાગિર્દ અબૂ સઈદ અબ્દુર્રહમાન ઈબ્ને મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ મક્કી.

**(૩૧)** તેમના શાગિર્દ મોહમ્મદ ઈબ્ને જાફર તમીમી.

**(૩૨)** તેમના શાગિર્દ મોહમ્મદ ઈબ્ને હુસૈન અલ્ફાસી.

**(૩૩)** તેમના શાગિર્દ શેખ અબૂ ઝકરિયા અબ્દુર્રહીમ ઈબ્ને અહમદ ઈબ્ને અહમદ ઈબ્ને નસ્ર ઈબ્ને ઈસ્હાક બુખારી.

**(૩૪)** તેમના શાગિર્દ શેખ ફકીહ અબુલ કાસિમ અલી ઈબ્ને અબ્દુસ્સલામ ઈબ્ને હુસૈન રમીકી.

**(૩૫)** તેમના એક શાગિર્દ શેખ અયાઝ.

**(૩૬)** બીજા શાગિર્દે અજલ (મહાન શાગિર્દ) ઈમામ અકમલી હાફિઝુલ હદીષ કાઝી અબૂબક્ર ઈબ્ને અરબી અશ્બીલી ઉન્દલુસી.

**(૩૭)** તે બંનેના શાગિર્દ ઈમામ ઈબ્ને અરબીના સાહબઝાદા ફકીર અબૂ ઝયદ અબ્દુર્રહમાન ઈબ્ને મોહંમદ ઈબ્ને અબ્દુલ્લાહ.

**(૩૮)** તેમના શાગિર્દ ઈબ્ને અલહય્યહ.

**(૩૯)** તેમના શાગિર્દ શયખ અબુલ ફઝલ ઈબ્નુલ બર્ર તૌસી.

**(૪૦)** તેમના શાગિર્દ તથા શયખ ઈબ્ને ફહદ મક્કી.



**(૪૧)** ઈમામે અજલ ઈબ્ને અરબી મમહૂદના બીજા શાગિર્દ અબુલ કાસિમ ખલફ ઈબ્ને બશ્કવાલ.

**(૪૨)** તેમના શાગિર્દ અબૂ જાફર અહમદ ઈબ્ને અલી ઉવૈસી જેમના શાગિર્દ અબુલ કાસિમ ઈબ્ને મોહમ્મદ અને તેમના શાગિર્દ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈબ્ને અલ્હાજ, તેમના શાગિર્દ તથા અબુલ યમીન ઈબ્ને અસાકિર, જેમના અકવાલે તૈયબહ (મુબારક કથનો) ઉપર વર્ણન થઈ ચૂકયાં છે.

**(૪૩)** ઈમામ ઈસ્માઈલ ઈબ્ને અબૂ ઉવૈસ મદની મમ્હૂદના બીજા શાગિર્દ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈબ્ને હુસૈન.

**(૪૪)** તેમના શાગિર્દ મોહમ્મદ ઈબ્ને અહમદ ફઝારી અસ્બહાની.

**(૪૫)** તેમના શાગિર્દ અબૂ ઉષ્માન સઈદ ઈબ્ને હસન તસ્તરી.

**(૪૬)** તેમના શાગિર્દ અબૂબક્ર મોહમ્મદ ઈબ્ને અદી ઈબ્ને અલી મુન્કરી.

**(૪૭)** તેમના શાગિર્દ અબૂ તાલિબ અબ્દુલ્લાહ ઈબ્ને હસન ઈબ્ને અહમદ અંબરી.

**(૪૮)** તેમના શાગિર્દ અબૂ મોહંમદ અબ્દુલ અઝીઝ ઈબ્ને અહમદ કનાની.

**(૪૯)** તેમના શાગિર્દ હેબ્તુલ્લાહ ઈબ્ને અહમદ ઈબ્ને અકફાની વ મશકી.

**(૫૦)** તેમના શાગિર્દ હાફિઝ અબૂ તાહિર ઈબ્ને મોહમ્મદ ઈબ્ને અહમદ ઈસ્કંદરવી.

**(૫૧)** તેમના શાગિર્દ અબૂ અબ્દુલ્લાહ મોહમ્મદ ઈબ્ને અબ્દુર્રહમાન નજીબી.

**(૫૨)** તેમના શાગિર્દ અબૂ અબ્દુલ્લાહ મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ સબતી, તેમના શાગિર્દ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈબ્ને

અલ્હાજ સલમી મમ્હૂદ, તેમના શાગિર્દ ઈબ્ને અસાકિર.

(૫૩) તેમના શાગિર્દ બદર ફારૂકી. આ ત્રણ સિલસિલા હદીષના સિલસિલાઓની જેમ હતા. તેમના ઉપરાંત :

(૫૪) ઈમામ અબૂહફસ ઉમર ફાકહાની ઈસ્કંદરાની.

(૫૫) શેખ યૂસુફ તનાઈ માલિકી.

(૫૬) ફકીહ અબૂ અબ્દુલ્લાહ ઈબ્ને સલામુહૂ.

(૫૭) ફકીહ મોહદ્દિષ અબૂ યાકૂબ.

(૫૮) તેમના શાગિર્દ અબૂ અબ્દુલ્લાહ મોહમ્મદ ઈબ્ને રશીદ ફહ્‌રી.

(૫૯) હાફિઝ શહીર અબૂ રબીઅ ઈબ્ને જાબિર દાદી.

(૬૦) તેમના શાગિર્દ હાફિઝ અબૂ અબ્દુલ્લાહ ઈબ્ને અલ્બાર કઝાઈ.

(૬૧) અબૂ અબ્દુલ્લાહ મોહંમદ ઈબ્ને જાબિર દાદી.

(૬૨) ખતીબ અબૂ અબ્દુલ્લાહ ઈબ્ને મરઝૂક તિલ્મસાની.

(૬૩) ઈબ્ને અબ્દુલ માલિક મર્રાકુશી.

(૬૪) શયખ અબુલ ખસાલ.

(૬૫) અબૂ અબ્દુલ્લાહ મોહમ્મદ.

(૬૬) શયખ ફત્હુલ્લાહ હલબી બયલૂની.

(૬૭) કાઝી શમ્સુદીન દયફુલ્લાહ તુરાબી રશીદી.

(૬૮) શયખ અબ્દુન્નઈમ સિયૂતી.

(૬૯) મોહંમદ ઈબ્ને ફર્જ સબ્તી.

(૭૦) શયખ હબીબ નસબી જેમનાથી અલ્લામા તિલિસ્માનીએ નકશાએ મુકદસાની અજીબ બરકત રૂબરૂમાં રિવાયત કરી.

(૭૧) સૈયદ મોહમ્મદ મૂસા હુસૈની માલિકી અલ્લામા મમ્દૂહના સમકાલિન.



(૭૨) સૈયદ જમાલુદીન મોહદ્દિષ સાહિબે રૌઝતુલ અહબાબ.

(૭૩) અલ્લામા શહાબુદીન ખફ્ફાજી જેમણે ફત્હુલ મુતઆલાની તારીફ કરી અને ફર્માવ્યું, તે સારી કિતાબ છે.

(૭૪) ફાઝિલ અલ્લામા મોહમ્મદ ઈબ્ને અબ્દુલ બાકી ઝુર્કાની શારેહે મવાહિબ તથા મોઅત્તા ઈમામ માલિક.

હવે અધિક પાંચ ઈમામોના પાક નામો પર સંતોષ માની લો જેમની ઈમામતે કુબરા પર ઈજમાઅ અને તેમની જલાલતે શાનો અઝમત (મહાન શાન) શહેરો તથા ગામડાઓમાં મશ્હૂર છે.

(૭૫) ઈમામે અજલ હાફિઝુલ હદીષ ઝૈનુદ્દીન ઈરાકી ઈમામુશ્શાન ઈબ્ને હજર અસ્કલાની.

(૭૬) તેમના નેક ફરઝંદ અલ્લામા અઝીમ સૈયદી અબૂ ઝુરઅહ ઈરાકી.

(૭૭) ઈમામે અજલ સિરાજુલ ફિકહ વલ હદીષ વલ મિલ્લત વ દીન બલ્કીની.

(૭૮) ઈમામે અજલો અકરમ અલ્લામા આલમ ખાતિમુલ હુફ્ફાઝ વલ મોહદ્દિષીન જલાલુલ મિલ્લત વશ્શરઅ વદ્દીન અબ્દુર્રહમાન ઈબ્ને અબૂબક્ર સિયૂતી رَضِیَ اللّٰہُ عَنۡھُم આમીન યા રબ્બલ આલમીન.

સારાંશ એ કે **'મઝારે અકદસનો નકશો' તાબઈને કિરામ અને 'નઅલે મુબારકની તસ્વીર' તબએ તાબઈને અઅ્‌લામથી સાબિત અને ત્યારથી આજ સુધી દરેક યુગ તથા તબકાના સાલેહ ઉલમામાં મામૂલ તથા રિવાજ છે. હમેશાં દીનના અકાબિર તેને તબર્રૂક બનાવતા અને તેની તાઝીમ તથા અદબ રાખતા આવ્યા છે. તો હવે તેને બિદઅતે શૈયેઅહ (બુરી બિદઅત) તથા શિર્ક તથા હરામ**

**ન કહેશે, પણ જાહિલ, બેબાક અથવા ગુમરાહ, બદ્દીન, દિલનો બીમાર, નાપાક....! આજકાલના કોઈ અધુરા ઘડાની વાત તે અકાબિર દીનના ઈમામો તથા વિશ્વસનીય મહાન ઉલમાના ઉચ્ચ ઈર્શાદોની સમક્ષ કોઈ બુદ્ધિશાળી દીનદારની નજીક શું મહત્વ ધરાવે છે ?** બુધ્ધિશાળી ન્યાયપ્રિય વ્યકિતના માટે આટલું પૂરતુ છે.

**અલ્હમ્દુલિલ્લાહ !** આ સંક્ષિપ્ત સત્યને જાહેર કરતો જવાબ ઝિલ્હજજની અંતિમ તારીખોમાં હિ.સ. ૧૩૧૫ની અમુક બેઠકોમાં પૂર્ણ થયો અને તારીખના નામ પ્રમાણે "શિફાઉલ વાલિહી ફી સુવરિવલ હબીબિહ્ વ મઝારિહી વ નેઆલિહી" નામ રાખ્યું. (આ નામના ૧૩૧૫ અદદ થાય છે.)

આ લખાણના કેટલાક મહીનાઓ બાદ આજકાલના કેટલાક હિન્દી (મૌલાના અબ્દુલહય લખનવી) સાહબોએ એની વિરૂધ્ધ લખાણો રજુ કર્યા જેમાં કોઈ ઈમામે મોઅતમદ કે આલિમે મુસ્તનદ (વિશ્વસનીય ઈમામ કે સનદી આલિમ) દ્વારા એની વિરૂધ્ધમાં કોઈ સનદ મુદ્દલે ન આપવામાં આવી. હું હમણાં કહી ચૂકયો કે દીનના ઈમામો તથા મોઅતમદ ઉલમાના મુકાબલામાં કોઈ લલ્લુ પંજુના સનદ વિનાનાં કથનો શું દલીલને લાયક થઈ શકે ? કુરૂને ષલાષા (સહાબા, તાબઈન, તબએ તાબઈનના જમાના)માં કેમ ન હતું ?! એવું પૂછનારનો જવાબ પણ સ્પષ્ટ થઈ ગયો કે તાબઈન તથા તબએ તાબઈનના જમાનાથી પેઢી દર પેઢી ચાલ્યુ આવે છે. શરઈ જરૂરતનો અર્થ અહીં ફર્ઝ કે વાજિબ ન હોવું એ જાહેર છે..............................

આ મસ્અલાને જો આમ જ છોડી દઈએ તો પણ સેંકડો મસાઈલે શરઈય્યહ્માં મૌલાના અબ્દુલ હય લખનવીના વિરોધાભાસી લખાણો મૌજૂદ છે. જેમાંનાં અમુક મારા રિસાલા 'સુરૂરુલ ઈદિસ્સઈદ ફી હિલ્લિદ દુઆઈ બઅદ સબાતિલ ઈદે'માં જિલ્દ તથા સફા (ભાગ, પેજ નં.)ના હવાલા સાથે મૌજૂદ છે. રહ્યું એ કે, "કા'બા મોઅઝ્ઝમા



તથા રોઝએ મુનવ્વરાને તેનો અયન (જેવો જ) સમજવું કે કા'બાના નકશાના તવાફથી હજ અદા થઈ જાય અને હજ પછી રોઝા મુબારકના નકશાની પાસે હાજરી આપવાથી ઝિયારતે મુકદ્દસાની હાજરીથી મુકિત મળી જાય !" **એ કોઈ જાહિલનો પણ ખયાલ નથી.** એવા બાતિલ વહેમો મુશ્રિકો તથા રાફઝીઓને પેદા થાય છે. આ રિસાલએ અસ્લમામાં આ વાત તજીને કે આ કેવો છે ? અને કયાં સુધી દલીલમાં રજુ થવાને પાત્ર છે ? આ જ ખયાલ પર વાંધો છે. આ વાંધો એ તરીકા પર જે અઈમ્મએ કિરામ તથા ઉલમાના અઅ્લામમાં રિવાજ પામ્યો તેના પર બિલકુલ આવતો નથી.

---


# ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

મુ. દયાદરા, તા.જિ. ભરૂચ. ફોન : ૮૨૦૧૧

ગરીબ ગામડાંઓ તથા આબાદીઓમાં દીનો સુન્નિયતને ટકાવી રાખવા તથા ઈલ્મે દીનનો ફેલાવો કરવા માટે **મસ્જિદ, મદ્રસાઓના સંચાલનમાં સહાય કરવાના "મુખ્ય ઉદ્દેશ"** સાથે કામ કરતી આપની આ સંસ્થાની સહાય હેઠળ હાલમાં લગભગ **૨૧૦ મસ્જિદ, મદ્રસા** ચાલી રહ્યા છે. આ સવાબે જારિયહ્નુ કામ છે અને અતિશય ખર્ચાળ કાર્ય છે, મદ્રસાઓની વિઝિટ માટે વિઝિટરો રાખી યોગ્ય દેખરેખ પણ રખાઈ રહી છે. કૌમના સખી હઝરાતોને વિનંતી છે, દીનો સુન્નિયતની ભલાઈને ખાતર આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા, કુર્બાનીની ખાલો... વગેરે અમને મોકલો અથવા મર્હૂમોના સવાબ અર્થે કમસે કમ રૂપિયા ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦ માસિક આપી એક, બે જે બને તે મદ્રસાના નિભાવની જવાબદારી લઈ લો. અલ્લાહ તઆલા બેહતરીન બદલો આપનાર છે.

**-લિ. (ખાદિમ) પટેલ શબ્બીર અલી રઝવી**

## ★ આજે જ મંગાવો ! ★

ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા **મૌલાના યુનૂસ મિસ્બાહી સાહબ**ની લખેલ અણમોલ કિતાબો તમારા ઘરોમાં વસાવો, મા બહેનોને વંચાવો, દુલ્હનોને ભેટ રૂપે આપો ! જેમાં જીવન જરૂરી દીની જ્ઞાનનો ખજાનો છે તે કિતાબો આજે જ મંગાવો !

| | |
|---|---|
| **તોહફાએ નજાત (ભાગ-૨) ૨૦ રૂા.** | **તોહફાએ નજાત (ભાગ-૬) ૫૦ રૂા.** |
| **તોહફાએ નજાત (ભાગ-૩) ૨૫ રૂા.** | **તોહફાએ નજાત (ભાગ-૭) ૫૦ રૂા.** |
| **તોહફાએ નજાત (ભાગ-૫) ૫૦ રૂા.** | |

**તે ઉપરાંત.........**

**સલ્તનતે મુસ્તફા** ૨૦.૦૦ રૂા.
લેખક : મુફતી અહમદ યારખાં رضی اللہ عنہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**રહમતે ખુદા બવસીલાએ ઔલિયા** ૨૦.૦૦ રૂા.
લેખક : મુફતી અહમદ યારખાં رضی اللہ عنہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

***તેમજ દિલોમાં ઈન્કિલાબ પેદા કરનારી કિતાબ....***

**ખુત્બાતે નૂરી (હિસ્સા-૧)**

| | |
|---|---|
| મૌલાના મોહંમદ શાકિર રઝવી સાહબનાં બયાનો ગુજરાતી લિપિમાં | ૨૦.૦૦ રૂા. |
| **સ્ત્રી પુરૂષ ઈસ્લામી રોશનીમાં** | ૧૫.૦૦ રૂા. |
| **રૂહાની હિકાયતો (ભાગ-૧)** | ૨૦.૦૦ રૂા. |
| **ઈમામ અહમદ રઝા વિશ્વના વિદ્વાનોની દ્રષ્ટિએ** | ૨૫.૦૦ રૂા. |
| **ઝિના ગુનાહે કબીરા** | ૫.૦૦ રૂા. |
| **અકાઈદે ઉલમાએ દેવબંદ** | ૫.૦૦ રૂા. |
| **અરબીમાં જુમ્આ તથા ઈદના ખુત્બાની કિતાબ** | ૨૦.૦૦ રૂા. |

(વધુ કોપીઓ મંગાવનારને યોગ્ય વળતર મળશે)
(પ્રકાશકના સરનામે સંપર્ક કરો.)

**આજે જ મંગાવો ! રહી જશો તો પસ્તાશો !**

**આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામીની દર્સી કિતાબ**

# ફય્ઝાને શરીઅત

ગુજરાતી લિપિમાં

**લેખક : હઝરત મૌલાના ઈબ્રાહીમ 'આસી'**
એમ. એ. બી. એડ. –ઉર્દૂ (અલીગ)

**હસ્બે ફર્માઈશ : હઝરત મૌલાના હાફિઝો કારી મુહમ્મદ શાકિર નૂરી**
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ)

**પ્રકાશક** : આલમી તેહરીક સુન્ની દાવતે ઈસ્લામી
(પેજીસ : ૧૩૦૦)

(૧) (રૂબરૂમાં) મર્કઝ ઈસ્માઈલ હબીબ મસ્જિદ
૧૨૬–કામ્બેકર સ્ટ્રીટ, મુંબઈ.

(૨) (રૂબરૂ તથા પોસ્ટથી પણ મળશે)
સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ. દયાદરા, તા.જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : (૦૨૬૪૨) ૮૨૭૯૨, ૮૨૦૧૧
[હદિયો : ૧૫૦/– રૂા. + ટપાલ ખર્ચ રૂા. ૧૫/–]

જેમાં અકાઈદ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, કુર્બાની વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝો નિફાસ, તથા ઝિક્ર, તિલાવત, દુરૂદ, આદાબે મસ્જિદ તેમજ મદીના શરીફના ફઝાઈલ તથા મસાઈલ, મોટી રાતો તથા દિવસોની ઈબાદતો, માં બાપના, પડોશીના, સગાં સંબંધીના હક્કો, ખૌફે ખુદા તથા તૌબા, અમ્ર બિલ મઅ્રૂફ, સબ્ર, શુક્ર, હલાલ રોજી, મૌત, જનાઝા, નિકાહ, મીલાદ શરીફ, ખામોશી, સારાં નામો રાખવા વિશે તથા દુઆ વગેરે બયાનોનો અઢળક ખજાનો. આ કિતાબમાં ભરેલો છે.